
# મંગલ અક્ષરદેહ

## પૂજ્ય શ્રી કાનજીસ્વામીનાં પાવન હસ્તાક્ષર



શાશ્વત સુખ-શાંતિના અફર માર્ગે નિષ્કારણ કરુણાથી લઈ જનાર
**પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી**નાં પાવન હસ્તાક્ષર

# મંગલ અક્ષરદેહ

સર્વે મુમુક્ષુઓને ભાવનાભેટરૂપે આપતાં હર્ષ અનુભવીએ છીએ.

મંગલ અક્ષરદેહ એટલે વહાલા વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીનો વીતરાગી સંદેશ, વીરપ્રભુની ગૌતમ ગણધરદેવે ઝીલેલી અનુપમ દિવ્યધ્વનિ, કુંદકુંદાચાર્યાદિ સંતોના સ્વાત્માનુભવનો સાર, ઉપકારી જ્ઞાનીઓની પામરમાંથી પરમાત્મા થવાની પાવન પ્રેરણા, આત્માર્થી ભક્તોના સ્વરૂપરચનારૂપ વીર્યને ઉછાળતી હાકલ, મોહનિદ્રામાંથી જગાડતી મીઠી-મધુરી ભેદજ્ઞાન મોરલી.

ધન્યવાદ છે તે મુમુક્ષુઓને કે જેમણે ગુરુબોધને હૃદયમાં સંઘર્યો છે અને અક્ષરદેહને સંગ્રહિત કરી પ્રસિદ્ધ કર્યો છે. આપણા હીન પુણ્યે પૂજ્ય ગુરુદેવશ્રીનો સદેહે વિરહ છે, આ 'અક્ષરદેહ' દ્વારા એ વિરહવેદનાને અલ્પ કરવાનો અમે પ્રયત્ન કર્યો છે.

મંગલ અક્ષરદેહ/હસ્તાક્ષર જોતાં કે વાંચતા જ એવી ઉર્મિઓ જાગે છે કે જાણે કે પૂજ્યવર સ્વર્ગથી પધારીને જ્ઞાનની લહાણી પ્રત્યક્ષપણે કરી રહ્યાં છે.

ચૈતન્યચક્રી, જ્ઞાનસાગર ગુરુરાજના આશિષરૂપ મંગલ સંદેશ


**'બધા ભગવાન છો, ભગવાન થાઓ'**

**જીવનમાં પરિણમે એ જ પવિત્ર ભાવના...**

- આપશ્રીનાં ચરણરજ સમાન બાળકો

Design & Concept: Rashmin Kiritbhai Mehta, Rajkot - 9724500173





ૐ નમો અરિહંતાણં,

ૐ નમો સિધ્ધાણં,

ૐ નમો આયરિયાણં,

ૐ નમો ઉવજ્ઝાયાણં,

ૐ નમો લોએ સવ્વ સાહુણં।

અવગાહ લેનાર તથા અવગાહ દેનાર બંને એક સમય.

ગતી પ્રણમનાર તથા ગતીનું નીમિત્ત બંને એક સમય.

સ્થિતી પ્રણમનાર તથા તેનું નીમિત્ત બંને એક સમય.

દ્રવ્ય પ્રણામનાર તથા તેનું નીમિત્ત બંને એક સમય.

જીવનો વિકાર તથા તેનું નીમિત્ત બંને એક સમય.

જીવનો ધર્મ તથા તેનું નીમિત્ત બંને એક સમય.

ઉપાદાન તથા તેનું નીમિત્ત બંને એક સમય.

નિશ્ચય તથા તેનો વ્યવહાર બંને એક સમય.





## વસ્તુનાં નામ

(દોહા)



ભાવ પદાર્થ સમય ધન, તત્ત્વ ચિત્ત વસુ દર્વ ।
દ્રવિન અર્થ ઇત્યાદિ બહુ, વસ્તુ નામ એ સર્વ ॥૩૫॥

ઉત્થાનિકા

## ચિદાનંદ ભગવાનની સ્તુતિ

(દોહા)

શોભિત નિજ અનુભૂતિ યુત, ચિદાનંદ ભગવાન ।
સાર પદારથ આતમા, સકલ પદારથ જાન ॥૧॥

# 1



અરહંતો ભગવંત ઈંદ્રમહિતા:
સિધ્ધાશ્ચ સિધ્ધીશ્વરા:

આચાર્યા જિનસાસનોન્નતિકરા:
પૂજ્યા ઉપાધ્યાયકા: ।

શ્રી સિધ્ધાંતસુપાઠકા મુનીવરા
રત્નત્રયારાધકા:

પંચૈ તે પરમેષ્ટીન: પ્રતિદિનં
કુર્વંતુ વો મંગલમ્ ।।



# 2

(દોહા)

જિનવાણી હીતકાર હૈ, અનુભવ રસ સાર।
નય પ્રમાણ વીચારીએ, પક્ષપાત પ્રહાર ॥

આત્મા તે જ્ઞાન, જ્ઞાન તે આત્મા.
આત્મા તે ચારીત્ર, ચારીત્ર તે આત્મા.



3


# સમ્યગ્દ્રષ્ટીકી સ્તુતિ

સવૈયા (૮ ભગણ)

ભેદવિજ્ઞાન જગ્યૌ જિન્હકે ઘટ,
સીતલ ચિત્ત ભયૌ જિમ ચંદન ।
કેલિ કરૈ સિવ મારગમૈં,
જગ માંહિ જિનેસુરકે લઘુ નંદન ॥
સત્યસરૂપ સદા જિન્હકૈ,
પ્રગટ્યૌ અવદાત* મિથ્યાત નિકંદન ।
સાંતદસા તિન્હકી પહિચાનિ,
કરૈ કર જોરિ બનારસિ વંદન ॥૬॥

મંગલાચરણ

નાટક સમયસાર, *અવદાત = નિર્મલ



## અનુભવનું લક્ષણ

(દોહા)

વસ્તુ વિચારત ધ્યાવતૈં, મન પામે વિશ્રામ।
રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ તાકો નામ ॥૧૭॥


ઉત્થાનિકા

## અનુભવ મહિમા

(દોહા)

અનુભૌ ચિંતામણિ રતન, અનુભવ હૈ રસકૂપ।
અનુભૌ મારગ મોક્ષકો, અનુભૌ મોક્ષ સ્વરૂપ ॥૧૮॥

ઉત્થાનિકા



### જીવનું વર્ણન

(દોહા)

સમતા રમતા ઉરધતા, જ્ઞાયકતા સુખભાસ ।
વેદકતા ચૈતન્યતા, એ સબ જીવવિલાસ ॥૨૬॥


ઉત્થાનિકા

### અજીવનું વર્ણન

(દોહા)

તનતા મનતા વચનતા, જડતા જડ સંમેલ ।
લઘુતા ગુરુતા ગમનતા, એ અજીવકે ખેલ ॥૨૭॥

ઉત્થાનિકા



## ચિદાનંદ ભગવાનની સ્તુતિ

(દોહા)

શોભિત નિજ અનુભૂતિ જુત, ચિદાનંદ ભગવાન ।
સાર પદારથ આતમા, સકલ પદારથ જાન ॥૧॥


જીવ દ્વાર

## શુદ્ધ નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ

(દોહા)

એક દેખિએ જાણિએ,
રમી રહિએ એક ઠૌર ।
સમલ વિમલ ન વિચારિયે,
યહૈ સિદ્ધિ નહિં ઔર ॥૨॥

જીવ દ્વાર



## નિજાત્માનું સત્ય સ્વરૂપ

(અડિલ છંદ)

કહે વિચક્ષણ પુરુષ સદા હું એક હોં ।
અપને રસ સું ભર્યો આપની ટેક હોં ॥
મોહકર્મ મમ નાંહિ નાંહિ ભ્રમકૂપ હે ।
શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ ॥૩૩॥

જીવ દ્વાર



## જડ અને ચૈતન્યનું પૃથક્પણું

(દોહા)

ચેતન લક્ષણ આતમા, જડ લક્ષણ તન જાલ।
તનકી મમતા ત્યાગિકૈ, લીજૈ ચેતન ચાલ ॥૩૬॥

બંધ દ્વાર

(દોહા)


ઘર ઘર અંતર જિન વસૈ, ઘર ઘર અંતર નૈન।
મતિ-મદિરાકે પાનસૌં, મતવાલા સમુઝૈ ન ॥૩૧॥

ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ



9

જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી,
તેમ જ જીવ સ્વભાવ રે;
તે જિનવીરે રે ધર્મ પ્રકાશિયો,
પ્રબળ કષાય અભાવ રે.



(મતગયન્દ - સવૈયા)

જો મતિહીન વીવેક વીના નર,
સાજિ મતંગજ ઈંધન ઢોવે ;
કંચન ભાજન ધુળ ભરે શઠ,
મુઢ સુધારસશું પગ ધોવે ॥
બાહીત કાગ ઉડાવણ કારણ,
ડાર મહામણી મુરખ રોવે ;
ત્યું નર દુરલભ દેહ બનારસી,
પાય અજ્ઞાની અકારથ ખોવે ॥૩॥

ધર્માધિકાર



# 11

પર પરિણામ સુગમ,

નિજ પરિણામ વિષમ બતાવે હૈ।

દેખો! અચરજકી બાત!

દેખે હૈ, જાને હૈ,


“દેખ્યો ન જાય, જાન્યો ન જાય”

ઐસે કહત લાજઈ ન આવે!

---


અનુભવપ્રકાશ, પા. ૬૮ (નવી આવૃત્તિ પા. ૭૨)

# 12



ઇન મન-ઇંદ્રીયજનિતકિ જ્ઞાનકી
પર્યાયકા નામ મતિસંજ્ઞા કહિયે।
મન લિંગજ્ઞાન કરિ અર્થસ્યોં
અર્થાંતર વિશેષ જાને,
ઇસ જાનનેકો 'શ્રુત' સંજ્ઞા કહિયે।
દોન્યોં જ્ઞાનપર્યાય કુરૂપ-સમ્યક્રૂપ કહિયે।

અનુભવપ્રકાશ, પા. ૭૧ (નવી આવૃત્તિ પા. ૪૫)



શુભોપયોગકે તીન ભેદ હૈ,
ક્રિયારૂપ, ભક્તિરૂપ, ગુણગુણી ભેદવિચારરૂપ ।

પા. ૬૨ (નવી આવૃત્તિ પા. ૩૮)

મિથ્યાતી ચારીત્રમેં પરકો નિજરૂપ અવલંબે હૈ।
સમ્યગ્દૃષ્ટિ નિજકો નિજ અવલંબે હૈ।

પા. ૭૧ (નવી આવૃત્તિ પા. ૪૫)



# 14

મિથ્યાતીકૈં મતિશ્રુતરૂપ જ્ઞાનના હૈ,
તિસ જ્ઞાનનૈ વિષૈં સ્વ-પર
વ્યાપક-અવ્યાપકકી જાતિ નાહીં।
તિસ ભેદકૌં આપ લખૈ
અથવા લખતા હી નાહીં।
મિથ્યાતીકૈં જ્ઞાનમૈં કુરૂપતા હૈ।.......

અનુભવપ્રકાશ, પા. ૭૨ (નવી આવૃત્તિ પા. ૪૫)



## કર્તા, કર્મ અને ક્રિયાનું સ્વરૂપ

(દોહા)

કર્તા પરિણામી દ્રવ્ય, કર્મરૂપ પરિણામ ।
ક્રિયા પર્યયકી ફેરનિ, વસ્તુ એક ત્રય નામ ।।૧।।

કર્તા-કર્મ-ક્રિયા દ્વાર

## મિથ્યાત્વી જીવ કર્મનો કર્તા અને જ્ઞાની અકર્તા છે.

(ચોપાઈ)

કરે કરમ સોઈ કરતારા,
જો જાને સો જાનનહારા ।
જો કરતા નહિ જાને સોઈ,
જાને સો કરતા નહિ હોઈ ।।૩૩।।

કર્તા-કર્મ-ક્રિયા દ્વાર



## જે જ્ઞાની છે તે કર્તા નથી.

(સોરઠા)

જ્ઞાન મિથ્યાત ન એક, નહિ રાગાદિક જ્ઞાન મહી ।
જ્ઞાન કરમ અતિરેક, જ્ઞાતા સો કરતા નહીં ॥૭૭॥

કર્તા-કર્મ-ક્રિયા દ્વાર

## મોક્ષની પ્રાપ્તિ અંતર્દષ્ટિથી છે.

(સોરઠા)

અંતર દૃષ્ટી લખાવ, અરુ સ્વરૂપકો આચરણ ।
એ પરમાતમ ભાવ, શિવ કારણ એઈ સદા ॥૧૦॥

પુણ્ય-પાપ એકત્વ દ્વાર



### ભેદજ્ઞાન પરંપરા મોક્ષનું કારણ છે.

(ચોપાઈ)

ભેદજ્ઞાન સંવર જિન્હ પાયો ।
સો ચેતન શિવરૂપ કહાયો ।।
ભેદજ્ઞાન જિન્હકે ઘટ નાંહી ।
તે જડ જીવ બંધે ઘટ માંહી ।।૮।।

સંવર દ્વાર

### ભેદજ્ઞાનથી આત્મા ઉજ્જ્વળ થાય છે.

(દોહા)

ભેદજ્ઞાન સાબુ ભયો, સમરસ નિર્મલ નીર ।
ધોબી અંતર આતમા, ધોવે નિજગુણ ચીર ।।૯।।

સંવર દ્વાર



ઉપાય અપને સ્વરૂપ પાવનેકા, અપના ઉપયોગ હૈ।
ઔર ઉપાય તપજપસંયમાદિ શુભકર્મ હૈ।

પા. ૧૦૨ (નવી આવૃત્તિ પા. ૭૨)

પ્રતીતિરૂપ વિચાર સાધક હૈ, અનુભવ ભાવ સાધ્ય હૈ।

પા. ૫૪ (નવી આવૃત્તિ પા. ૩૪)



(ચોપાઈ)

જો બિન જ્ઞાન ક્રિયા અવગાહૈ ।
જો બિન ક્રિયા મોક્ષપદ ચાહૈ ।।
જો બિન મોક્ષ કહૈ મૈં સુખિયા ।
સો અજાન મૂઢનિમેં મુખિયા ।।૧૧।।

નિર્જરા દ્વાર



## અજ્ઞાની જીવોની ક્રિયા બંધનું કારણ અને જ્ઞાની જીવોની ક્રિયા નિર્જરાનું કારણ છે.

(ચોપાઈ)

મૂઢ કર્મકૌ કર્તા હોવૈ।
ફલ અભિલાષ ધરૈ ફલ જોવૈ॥
જ્ઞાની ક્રિયા કરૈ ફલ સૂની।
લગૈ ન લેપ નિર્જરા દૂની॥૪૩॥

નિર્જરા દ્વાર

## જેવી ક્રિયા તેવું ફળ

(દોહા)

બંધ બઢાવૈ અંધ હ્વૈ, તે આલસી અજાન।
મુક્તિ હેતુ કરની કરૈ, તે નર ઉદ્યમવાન॥૧૧॥

બંધ દ્વાર



# 21

## મિથ્યાદષ્ટિની અહંબુદ્ધિનું વર્ણન.

(ચોપાઈ)

મૈં કરતા મૈં કીન્હી કૈસી ।
અબ યોં કરો કહૌ જો ઐસી ।।
એ વિપરીત ભાવ હૈ જામેં ।
સો વરતે મિથ્યાત્વ દશામેં ।।૨૪।।

બંધ દ્વાર



(દોહા)

કુમતી બાહિજ દ્રષ્ટીસોં,
બાહીજ ક્રિયા કરંત ।
માને મોક્ષ પરંપરા,
મનમેં હરખ ધરંત ॥૧૨૨॥

સર્વવિશુદ્ધિ દ્વાર

(દોહા)

શુદ્ધાતમ અનુભૌ ક્રિયા,
કહે સમકિતી કોય ।
સો સુનિકૈં તાસૌં કહે,
યહ શિવપંથ ન હોય ॥૧૨૩॥

સર્વવિશુદ્ધિ દ્વાર

# 23



છ કારક.

૧ સ્વધર્મ કર્તા તે કર્તા.


૨ સ્વધર્મ પરિણમન તે કાર્ય.

૩ સ્વધર્માનુયાયી ગુણ પરિણતિ,
ચેતનાપાર્યં શક્તિ, તે કરણ.

૪ આત્મ સાધન,
ગુણનો લાભ તે સંપ્રદાન.

૫ પરભાવ ત્યાગ પરિણતી અપાદાન.

૬ સ્વગુણનું આધારીપણું તે આધાર.



ઉપયોગથી ઉપયોગને સાધવો,
પરભાવનો સાક્ષી આત્મા
જ્ઞાતા-દ્રષ્ટા છે.



# 25

સમ્યક્ત્વ સવિકલ્પ-નિર્વિકલ્પરૂપસૌં
દોય પ્રકાર હૈ। જઘન્ય જ્ઞાનીકૈં જબ
તિસ પરભેદકૌ અવ્યાપક પરરૂપત્વ
જાનિ આપકૌં જાનરૂપ વ્યાપક
જાનૈ સો તો સવિકલ્પ સમ્યક્ત્વ।
ઔર જો આપ આપકૌં હી જાનરૂપ
વ્યાપ્ય-વ્યાપક જાન્યા કરૈ સો
નિર્વિકલ્પરૂપ સમ્યક્ત્વ।

અનુભવપ્રકાશ, પા. ૭૨ (નવી આવૃત્તિ પા. ૪૫)

26



ઓર જો એક બેર (એક સમય)
વિષૈં સ્વકૌં સર્વ સ્વકરિ લખૈ,
સર્વ પરકૌં પરકરિ લખૈં
તહાં ચારિત્ર પરમ શુદ્ધ હૈ।

અનુભવપ્રકાશ, પા. ૭૨ (નવી આવૃત્તિ પા. ૪૫)



# 27

સમાધિ તો પ્રથમ ધ્યાન
ભયે હોય હૈ।

સો ધ્યાન એકાગ્ર ચિંતા
નિરોધ ભયે હોય હૈ।

સો ચિંતા નિરોધ
રાગદ્વેષકે મિટે હોય હૈ।

સો રાગદ્વેષ ઈષ્ટ-અનિષ્ટ
સમાગમ મિટે મિટે હૈ।

અનુભવપ્રકાશ, પા. ૧૦૩ (નવી આવૃત્તિ પા. ૭૩)



# 28

તાતૈં જીવ જો સમાધી
વાંછત હૈ તો ઇષ્ટ-અનિષ્ટ
સમાગમ મેટી, રાગદ્વેષ ત્યાગી
ચિંતા મેટી, ધ્યાનમૈ મન ધરિ,
ચિદ્દત્વ સ્વરૂપમૈ સમાધિ
લગાઈ નિજાનંદ ભેટૈ।

અનુભવપ્રકાશ, પા. ૧૦૩ (નવી આવૃત્તિ પા. ૭૩)



શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલી કરે ;
શુદ્ધતામેં થિર રહે, અમૃત ધારા વરસે ॥૧૧૬॥

નાટક સમયસાર - સર્વવિશુદ્ધિ દ્વાર

પરદયા સાધક હૈ, વ્યવહારધર્મ સાધ્ય હૈ।
સ્વદયા સાધક હૈ, નિજધર્મ સાધ્ય હૈ।

અનુભવપ્રકાશ, પા. ૬૬ (નવી આવૃત્તિ પા. ૪૧)

**30**

જ્ઞાનાનંદ અખંડાનંદ

પરમાનંદ

લાભાનંદ

બ્રહ્માનંદ

શિવાનંદ

પૂર્ણાનંદ



નિજાનંદ

ધ્યાનાનંદ

ચિદાનંદ

નિત્યાનંદ


સહજાનંદ

સ્વ

ૐ સચ્ચિદાનંદ સહજ સ્વરૂપાય નમઃ

નિર્મળાનંદ આત્માનંદ ભાવાનંદ

તત્વાનંદ વિશિષ્ટાનંદ સ્વરૂપાનંદ



## સપ્ત વ્યસન

(ચોપાઈ)

જૂવા[૧] આમિષ[૨] મદિરા[૩] દારી[૪](વેશ્યા),
આખેટક[૫] ચોરી[૬] પરનારી[૭] ।
એહી સાત વ્યસન દુઃખદાઈ,
દુરિત મૂલ દુર્ગતિકે ભાઈ ॥૨૭॥

સાધ્ય-સાધક દ્વાર